# શ્રી લોહાણા મહાપરિષદ

Registered under B.P.T. Act 1950 No. A/2119
મધ્યસ્થ કાર્યાલય : ઈસ્કોન મેગા મોલ, સેલર, એક્ઝીટ ગેટ પાસે, ઈસ્કોન મંદિરની બાજુમાં, એસ. જી. હાઈવે, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : +૯૧-૭૯-૪૦૦૯૧૦૦૫
Email : jaymahaparishad@gmail.com • Website : www. lohanamahaparishad.org

| | | | |
|---|---|---|---|
| પ્રવિણ ટી. કોટક | (પ્રમુખ) | હિમાંશુ બી. ઠક્કર | (મંત્રી) |
| ઉમંગ એચ. ઠક્કર | (વરિષ્ઠ ઉપપ્રમુખ) | પિયુષ જી. ગંઠા | (મંત્રી) |

## પ્રેસનોટ

## આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન - ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬

જય જલારામ      જય રઘુવંશ      જય મહાપરિષદ

પૂજ્ય ભાણસાહેબની ૩૧૮મી જન્મજયંતિ નિમિત્તે કમીજલા, વિરમગામ મુકામે યોજાનાર પૂ. મોરારીબાપુની રામકથામાં સમગ્ર રઘુવંશી સમાજ ઉત્સાહભેર જોડાયો છે અને ભવ્યાતિભવ્ય આયોજનમાં સર્વ પ્રકારે માધ્યમ બન્યો છે ત્યારે દેશ-વિદેશમાં વસતા રઘુવંશી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં આ પાવન અવસરે ઉપસ્થિત રહે તે માટે પૂ.જાનકીદાસ બાપુ અને સમગ્ર સદ્‌ગુરુ ભાણસાહેબ રામકથા સમિતિ ભાવભર્યું આમંત્રણ પાઠવે છે. કથાના આ દિવસો દરમ્યાન તા. ૧૪-૦૨-૨૦૧૬ ના રોજ આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન, તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ સંત સંગોષ્ઠિ, તા. ૧૮ ફેબ્રુઆરીના રોજ ભજન સંધ્યા તથા સંતવાણી અને તા. ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ આનંદનો ગરબો જેવા કાર્યક્રમોનું આયોજન છે. કથાના લાભ લેવા ઈચ્છતા સભ્યોએ ઉતારાની આગોતરી વ્યવસ્થા માટે ઘનશ્યામભાઈ હાલાણી - ૯૪૨૬૮૯૪૫૮૯, બકુલભાઈ ઠક્કર - ૯૯૭૯૩૯૮૭૯૧ તથા તેજસભાઈ વજાણી - ૯૮૭૯૦૪૦૦૯૦ નો સંપર્ક કરવો.

તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ ના રોજ સમગ્ર વિશ્વમાં વસતા રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા બપોરે ૩.૦૦ થી ૭.૦૦ કલાકે આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન ક્ષણોએ તમામ પ્રદેશોમાંથી ખૂબ મોટી સંખ્યામાં રઘુવંશી ભાઈ-બહેનો જોડાય અને જ્ઞાતિગંગાના દર્શનનો અમૂલ્ય લ્હાવો આપણને સૌને મળે તે માટે શ્રી લોહાણા મહાપરિષદ સાથે સંકલિત તમામ સંસ્થાઓ, મહાજનો તથા ટ્રસ્ટોના પ્રમુખશ્રી, હોદ્દેદારો તથા કારોબારી સભ્યોને આ અંગે જરૂરી સંકલન કરી રઘુવંશી ભાઈ-બહેનોને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવા નમ્ર વિનંતી.

હિમાંશુ બી. ઠક્કર
મંત્રી

પ્રવિણ ટી. કોટક
પ્રમુખ